# ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ
# (જી.આઇ.ડી.બી)

સરનામું- બ્લોકનં.૧૮ નો ૮ અને ૯મો માળ, ઉધોગભવન, સેકટર - ૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૦.

વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) પુરી પાડવા અંગેનું ટેન્ડર ફોર્મ

- ટેકનીકલ બિડ ખોલવાનું સ્થળઃ ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચરડેવલોપમેન્ટ બોર્ડ
  બ્લોકનં.૧૮ નો ૮ અને ૯મો માળ,
  ઉધોગભવન, સેકટર - ૧૧, ગાંધીનગર
- ટેકનીકલ બિડ, ઇ.એમ.ડી. અને બીજા ટેકનિકલ ડોકયુમેન્ટ મોકલવા માટેની છેલ્લી તારીખઃ૧૫/૯/૨૦૨૩ સમયઃ૬-૦૦ સ્થળઃ બ્લોક નં. ૧૮નો ૮ મો માળ,
  ઉધોગભવન,સેકટર-૧૧,
  ગાંધીનગર
- બિડ ડોકયુમેન્ટ ઓનલાઇન જમા કરાવવાની વેબસાઇટ (https://gidb.nprocure.com)
- ભરેલ ટેકનીકલ ટેન્ડર મોકલવાનું સ્થળઃ ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચરડેવલોપમેન્ટ બોર્ડ,બ્લોક નં. ૧૮નો ૮ મો માળ ઉધોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર- ૩૮૨૦૧૦.
- ઇ.એમ.ડી.- રૂા.૨૫,000/- ટેન્ડર ભરનાર એજન્સીએ ઇ.એમ.ડી. પેટે ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડના નામે ગાંધીનગર ખાતે ચૂકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફટથી કવરિંગ લેટર સાથે જમા કરાવવા.
- ટેકનિકલ બિડ ખોલવાની તારીખ અને સમયઃ ૧૬/૯/૨૦૨૩ સવારે ૧૨-૦૦ કલાકે.
- ટેન્ડરની વેલીડીટીઃ ૩(ત્રણ)- માસ.

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ,**
**ગાંધીનગર.**

## પરિશિષ્ટ–૨


# ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલલોપમેન્ટ બોર્ડ
# (જી.આઇ.ડી.બી.)

સરનામું: બ્લોકનં.૧૮ નો ૮ અને ૯મો માળ, ઉધોગભવન, સેકટર:૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૦.


## વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સથો) પુરી પાડવા અંગેના ટેન્ડર અંગેની અગત્યની સૂચનાઓ

---

(૧) ટેન્ડર ફી શુન્ય રહેશે. ટેન્ડર ભરનાર એજન્સીએ ઓનલાઇલ ટેન્ડર ભરી જરૂરી તમામ ટેકનીકલ દસ્તાવેજો સાથે પોસ્ટ કરવાનું રહેશે.

(૨) ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર ફોર્મ સાથે રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) EMD ની રકમનો ડ્રાફટ / પે ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફટ ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ નામનો બિડાણ કરવાનો રહેશે. અર્નેષ્ટ મની ડીપોઝીટ (EMD) વગરના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૩) ટેન્ડર ભરનાર એજન્સીએ છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ તેમના વાર્ષિક ટર્નઓવરની વિગતો દર્શાવતું ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેઓ કોઈ નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ રેકર્ડ પર નહી હોવાનું એકરારનામું રજુ કરવાનું રહેશે.

(૪) ટેકનીકલ પૂર્વ લાયકાત અને ઈએમડીના ડ્રાફટ અલગ અલગ કવરમાં સંપૂર્ણ વિગતો સાથે તા.૧૫/૯/૨૦૨૩ સુધીમાં કચેરીમાં ૦૬:૦૦ વાગ્યા સુધીમાં સીલબંધ કવરમાં મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી જ મોકલી આપવાના રહેશે. નિયત તારીખ સમય બાદ મળેલા ટેન્ડરો રદબાતલ ગણાશે.

(૫) *નિયત સમય મર્યાદામાં રજી.પો.એ.ડી.થી મળેલા ટેકનીકલ ટેન્ડરો તા.૧૬/૦૯/૨૦૨૩ના રોજ ૧૨:૦૦ કલાકે ઉપર જણાવેલ કચેરી ખાતે ખોલવામાં આવશે.*

(૬) ટેન્ડર ફોર્મ ભરીને રજી.પો.એ.ડી.થી મોકલવાના ટેન્ડરના સીલ કવર ઉપર "વાહન સુવિધા (ડ્રાઈવરની સેવા સાથે) પુરી પાડવા માટેનું ટેન્ડર" એમ સંબંધિત ટેન્ડરના બંધ કવર ઉપર મોટા અક્ષરે સ્પષ્ટ રીતે લખવાનું રહેશે.

(૭) ભરેલા ટેન્ડરો સ્વીકારવા / ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ, ગાંધીનગરની કચેરીને અબાધિત અધિકાર રહેશે.

(૮) પૂર્વ લાયકાત ટેન્ડર ફોર્મના સીલબંધ કવર ઉપર "પૂર્વ લાયકાત ફોર્મ" લખવાનું રહેશે.

(૯) જી.આઇ.ડી.બી. દ્વારા એજન્સી ફાઇનલ થાય ત્યાર બાદ બાકીની એજન્સીઓની ઇ.એમ.ડી. ટેન્ડર ખોલ્યાના દસ દિવસ (કામકાજના દિવસો)માં ચેકથી પરત કરવામાં આવશે.

(૧૦) હેડ કવાર્ટર ગાંધીનગર રહેશે અને સેવાઓની શરુઆત ઉધોગભવન, ગાંધીનગર ખાતેથી થશે.

(૧૧) આ સાથેનાં પરિશિષ્ટ–૬ માં ટેન્ડર ભરનારે બાંહેધરી પત્ર આપવાનું રહેશે.

(૧૨) ટેકનીકલ કવોલીફાઇ થવા માટે બીડરનું વાર્ષિક ટર્નઓવર ૭૫ લાખ કે તેથી વધુ હોવું જોઇએ અને આ ટર્નઓવારના ડોકયુમેન્ટ પ્રેકટીસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા સર્ટીફાઇ હોવું જરૂરી છે. એ સિવાય ડોકયુમુન્ટ ધ્યાને લેવાશે નહીં.

(૧૩) આ ટેન્ડર ફોર્મમાં કચેરીની જરૂરીયાત પ્રમાણેના વાહનો માંથી પોતાની માલિકીના ઓછામાં ઓછા ૦૫ કે તેથી વધુ વાહનો હોવા જરૂરી છે.

(૧૪) વાહનોની પુરી પડાયેલ વિગતો માના ઓછામાં ઓછા ૩ (ત્રણ) વાહનો એજન્સીના પોતાના નામે ટેન્ડર નોટિસ જાહેર થયા તારીખથી બે માસ અગાઉના હોવા જોઇએ.

(૧૫) બીડર દ્વારા અત્યારની ચાલુ તારીખે ઓછામાં ઓછા સાત સરકારી / પ્રાઇવેટ સંસ્થાઓમાં કામગીરી ચાલુ હોવી જરૂરી છે. જે અંગેના વર્કઓર્ડર સાથે બીડવાના રહેશે. જેના વગર બીડ માન્ય રહેશે નહી.

(૧૬) જી.આઇ.ડી.બીની કચેરી ખાતે પ્રાપ્ત થયેલ ટેન્ડરોમાં જો માસિક ધોરણે કાર હાયર કરવાના અને ઓન-કોલ ધોરણ કાર હાયર કરવા માટે લોએસ્ટ પ્રાઇઝ અલગ- અલગ હોય તે સંજોગોમાં માસિક ધોરણે અને ઓન-કોલ ધોરણનું કામ જી.આઇ.ડી.બી.ની કચેરી અલગ-અલગ સંસ્થાને સોંપી શકશે.

(૧૭) જી.આઇ.ડી.બીની કચેરી ધ્વારા માસિક ધોરણે કારની જરૂરીયાતમાં મીનીમમ ૨૫૦૦ કી.મી. અને મીનીમમ ૧૫૦૦ કી.મી.ના ભાવ મંગાવેલ છે. ઉપરોકત બંને ભાવની એવરેજ ગણી જે એજન્સીનો લોએસ્ટ ભાવ હશે તેની પસંદગી કરવામાં આવશે.

(૧૮) અત્રેની કચેરીને જરૂરીયાત મુજબ એ.સી.વાહનો ની જરૂરીયાત રહેશે. વાહનો એક સાથે નહી પરંતુ કચેરીની જરૂરીયાત મુજબ પુરા પાડવાનાં રહેશે.

(૧૯) વાહનો પુરા માસ માટે વાહન ચાલક સાથે આપવાનાં રહેશે તેમજ On Call માં જરૂરીયાત મુજબ અલગ વાહનો લેવામાં આવશે.

(૨૦) વાહનોનાં (Fuel) બળતણ અને જાળવણીની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૧) પ્રતિમાસ માટે સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ તેમજ ઈનોવા ક્રિસ્ટા, (A.C.) નાં ભાવો અલગ–અલગ અથવા એકી સાથે પત્રકનાં સ્વરૂપમાં આપી શકાશે. (પરિશિષ્ટ–૪)

(૨૨) પરિશિષ્ટ–૫ માં ગાંધીનગર – અમદાવાદની સેવાઓ માટે અને ગાંધીનગર અમદાવાદ સિવાયની સેવા માટે માંગણી મુજબ On Call ની વિગતો ભરવાની રહેશે.

(૨૩) પુરા માસ માટે રાખવામાં આવેલ વાહનોની જરૂરિયાત નો સમય સામાન્ય સંજોગોમાં સવાર નાં ૦૯:૦૦થી રાત્રીના ૯:૦૦ કલાક સુધી રહેશે અથવા જે સમયે સેવા શરૂ કરવામાં આવે ત્યારથી ૧૨ કલાકની સેવા ગણવામાં આવશે. સવારના ૦૯:૦૦ કલાક પહેલા અથવા રાત્રીના ૯:૦૦ કલાક પછીની સેવા માટે પ્રત્યેક કલાક માટે રૂા.૨૫/– (અંકે રૂપિયા પચીસ) મુજબ ચુકવણું કરવામાં આવશે

(૨૪) માસિક અંદાજીત ગણતરી મુજબ દર મહિને અંદાજીત ૨૬ દિવસ માટે વાહનો જરૂરીયાત મુજબ પુરા પાડાવાના રહેશે.

(૨૫) બીલના ચુકવણા સમયે જુદા-જુદા ટેક્ષ કાયદા હેઠળ નિયમોનુસાર કપાત કરવામાં આવશે.

(૨૬) ટેન્ડર ફોર્મ સાથે પરિશિષ્ટ–૭ (કરારનામું) માં જણાવેલ તમામ શરતોનું પણ એજન્સીએ પાલન કરવાનું રહેશે.

(૨૭) ગાડીની સેવા જ્યારે પણ લેવાની થાય ત્યારે ગાડી રિપોર્ટ કરે ત્યારે જે તે અધિકારીની કી.મી.ની નોંધ કરી સહી લેવાની રહેશે. ત્યાર બાદ સેવા પૂર્ણ થયે કી.મી. તથા સમય લખી તેમાં જેતે અધિકારીની સહી લેવાની રહેશે. તે ડયુટી સ્લીપ બીલ સાથે જોડવાની રહેશે.

(૨૮) માસિક ધોરણે લેવામાં આવતી સેવામાં ડ્રાઈવરે યોગ્ય રીતે લોગબુક મેઈન્ટેન કરવાની રહેશે જેની નકલ બીલ સાથે જોડવાની રહેશે.

(૨૯) કચેરીને ફાળવવામાં આવેલ વાહનનો ડ્રાઈવર વ્યસ્થિત ડ્રેસીગ બુટ સાથે હોવો જોઈએ.

(૩૦) કચેરીને ફાળવેલ વાહન કચેરીની સંમતિ વગર બદલી શકાશે નહી.

(૩૧) વાહન સાથે ફાળવેલ ડ્રાઈવર પણ કચેરીની મંજૂરી વગર બદલી શકાશે નહી.

# પરિશિષ્ટ–૩

## વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) સેવાઓ અંગેનું પૂર્વ લાયકાત ફોર્મ

---

**ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો :–**

૧. એજન્સીનું નામ તથા સરનામું :

૨. વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર * :

૩. માલિક/ભાગીદારોના નામ/સરનામું * :
ફોટા (કુલ મુખત્યાર)

૪. ટેલીફોન નંબર એજન્સી/માલિક/ભાગીદાર
ફેક્ષ નંબર અને ઈ–મેઈલ નંબર :

૫. વ્યવસાયમાં જોડાયાનું વર્ષ :
(રજીસ્ટ્રેશન નકલો સાથે)

૬. સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર*/ :
GST નંબર

૭. છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્ન ઓવરની વિગતો * નાણાંકીય વર્ષ
(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર જોડવું)

(અ) વર્ષ ૨૦૨૨ –૨૦૨૩ :

(બ) વર્ષ ૨૦૨૧–૨૦૨૨ :

(ક) વર્ષ ૨૦૨૦–૨૦૨૧ :

૮. હાલ અથવા અગાઉ જે કંપની / સંસ્થાની કામગીરી કરતા હોય તેની વિગતો.*
સરકારી / અર્ધ સરકારી / જાહેર સાહસ / બેંક / હોસ્પિટલ / સહકારી સંસ્થા / ઔદ્યોગિક કંપની / હોટલ, ઈત્યાદિ

| ક્રમ | સંસ્થા/કંપનીનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર | કરારનો સમય કયાંથી કયાં સુધી ? | વાર્ષિક કરારની રકમ | પૂરી પાડેલી સેવાઓની વિગત/સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |

(સંસ્થાનું સંતોષપત્ર * સામેલ કરવું)

૯. આવક વેરા હેઠળ નોંધાયેલ PAN નંબર * :

૧૦. પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે ? :
નાણાંકીય સંસ્થાના ડિફોલ્ટર નથી /
પોલીસ–કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું
બાહેધરી પત્ર છે ?
બાહેધરી પત્ર સાથે સામેલ રાખવું.

**નોંધ :–** * ઉકત વિગતોની ફોટો નકલ / સંદર્ભપત્ર / સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચૂક રજૂ કરવા. જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહીં.
* એજન્સીએ આ સાથે બિડેલ પત્રક મુજબ તમામ વાહનોની વિગત આપવાની રહેશે.

**કોન્ટ્રાકટરના સહી સિકકા**

# એજન્સી પાસેના વાહનોની માહિતી દર્શાવતું પત્રક

(૧) રજીસ્ટ્રેશન નંબર તેમજ તારીખ :

(૨) કંપનીનું નામ :

(૩) મોડેલ :

(૪) વાહનનાં માલીકનું નામ :

(૫) રજીસ્ટ્રેશન તારીખ અને નંબર :

(૬) વાહનનો ટેક્ષ ભર્યાની વિગત :

(૭) અકસ્માત વિમા : કંપની/પોલીસ નંબર/વેલીડીટી :

(૮) ટેક્ષી પરમીટ લેવામાં આવી હોય તો તેની વિગત :

(૯) ટેક્ષી પરમીટ રીન્યુ કરાવવાની વિગત :

**નોંધ :–**

૧. ઉપરોક્ત જણાવેલ (૧) થી (૯) મુદ્દાની માહિતી પ્રત્યેક વાહન માટે અલગ- અલગ શીટમાં આપવાની રહેશે.

૨. વાહનની રજીસ્ટ્રેશન બુક, ટેક્ષી પાસિંગ સર્ટિફિકેટ, વિમાની પોલીસી તેમજ રસ્તા પરમીટની નકલ પૂર્વ લાયકાત ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે.

**કોન્ટ્રાકટરનાં સહી–સિક્કા**

નોંધઃ એક વાહન માટે એક પત્રકનો ઉપયોગ કરવો. જરૂર લાગે તે મુજબ પત્રકની ઝેરોક્ષ લેવી.

# પરિશિષ્ટ–૪

વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) પૂરી પાડવા અંગેનું નમુનારૂપ

ભાવપત્રકનું ટેન્ડર ફોર્મ

## ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ
## (જી.આઇ.ડી.બી.)

સરનામું- બ્લોકનં.૧૮ નો ૮ અને ૯મો માળ, ઉધોગભવન, સેકટર - ૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૦.

વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) પૂરી પાડવા માટેનું ભાવપત્રક **(માસિક ધોરણે)**

***નીચે જણાવેલ બધા પ્રકારના વાહનોના માગ્યા મુજબના ભાવ ભરવો***

(૧) એકંદર રૂપિયા પ્રતિ માસનો ભાવ (તમામ ટેક્ષ સાથે) નીચેના કોષ્ટકમાં ભરવા વિનંતી.

| ક્રમ | વિગત | | સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ | ઈનોવા ક્રિસ્ટા |
|---|---|---|---|---|
| ૧ | • ૧૫૦૦ કિ.મી./પ્રતિમાસ | AC | | |
| ૨ | • ૨૫૦૦ કિ.મી./પ્રતિમાસ | AC | | |

(૨) ઉપરોકત જણાવેલ લઘુત્તમ કિ.મી.ની કરતાં વધારાના કિ.મી. માટે પ્રતિ કિ.મી.નો ભાવ(તમામ ટેક્ષ સાથે) નીચેના કોષ્ટકમાં ભરવા વિનંતી. **(માસિક ધોરણે)**

| ક્રમ | વિગત | | સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ | ઈનોવા ક્રિસ્ટા |
|---|---|---|---|---|
| ૧ | • ૧૫૦૦ (થી વધુ કિ.મી.ના સંજોગોમાં) કિ.મી./પ્રતિમાસ | AC | | |
| ૨ | • ૨૫૦૦ (થી વધુ કિ.મી.ના સંજોગોમાં) કિ.મી./પ્રતિમાસ | AC | | |

**નોંધઃ જેની માહિતી ઉપલબ્ધ ન હોય ત્યાં (-) ની નિશાની કરવી**

## પરિશિષ્ટ–૫

# ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ
## (જી.આઇ.ડી.બી.)

સરનામું- બ્લોકનં.૧૮ નો ૮ અને ૯મો માળ, ઉધોગભવન, સેકટર - ૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦.

**(૧) ON CALL Requirement**

| ક્રમ | વિગત | | સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફ્ટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ | ઈનોવા ક્રિસ્ટા |
|---|---|---|---|---|
| ૧ | આખા દિવસનો ચાર્જ (લઘુતમ કી.મી.૩૦૦ લેખે) | AC | | |
| ૨ | દર પ્રતિ કિ.મી. (લઘુતમ કી.મી.થી વધુ માટે) | AC | | |

**સ્થળ :** | **ટેન્ડર ભરનારની સહી.........................**

**તારીખ :** | **સીક્કો**

**ટેન્ડર ભરનારનું નામ :** | **એજન્સીનું નામ.**

## પરિશિષ્ટ–૬

## બાહેંધરી પત્ર

રૂા. ૩૦૦/- સ્ટેમ્પ પેપર (નોટરી કરાવવું )

---

આથી અમો નીચે સહી કરના શ્રી ........................................ માલિક / ભાગીદારો........................................એજન્સી માટે લેખિત બાહેંધરી આપીએ છીએ કે આજની તારીખ સુધી મારો / અમારી એજન્સીનો પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે તેમજ અમો કોઈપણ નાણાંકીય સંસ્થા (સરકારી / અર્ધ સરકારી / ખાનગી) નાં ડીફોલ્ટર નથી. મારા / અમારી એજન્સીની સામે પોલીસ દફતરમાં અને કોર્ટ રેકર્ડ માં કોઈ કેસ નોંધાયેલ નથી.

આ બાહેધરી પત્ર અમો વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) પુરી પાડવા અંગેનાં ટેન્ડરમાં ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ ગાંધીનગરને આપીએ છીએ.

ઉપરની હકીકત મારી / અમારી એજન્સીની જાણ અનુસાર સંપૂર્ણ અને સાચી છે.

**સ્થળ :** **કોન્ટ્રાકટર / એજન્સીના સહી– સિક્કા**

**તારીખ:**

## પરિશિષ્ટ–૭

## વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) પૂરી પાડવા અંગેનું

## કરારનામુ

---

આ કરારનામુ ______________ મુકામે અમો ____________________________________
અધિકારી. ______________ (હવે પછી જેમને સક્ષમ સત્તા / કચેરી તરીકે સંબોધવામાં આવશે) તથા ________________________ (હવે પછી જેમને એજન્સી તરીકે સંબોધવામાં આવશે) તેમની વચ્ચે આથી કરવામાં આવે છે.

આ કરાર એજન્સી દ્વારા. __________________________________ કચેરીમાં વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) આપવા માટે કરવામાં આવે છે.

**(૧) વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) પૂરી પાડવા માટેનું ભાવપત્રક (માસિક ધોરણે)**

| ક્રમ | વિગત | | સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફ્ટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ | ઈનોવા ક્રિસ્ટા |
|---|---|---|---|---|
| ૧ | • ૧૫૦૦ કિ.મી./પ્રતિમાસ | AC | | |
| ૨ | • ૨૫૦૦ કિ.મી./પ્રતિમાસ | AC | | |

(૨) <u>ઉપરોકત જણાવેલ લઘુત્તમ કિ.મી.ની કરતાં વધારાના કિ.મી. માટે પ્રતિ કિ.મી.નો ભાવ</u> **<u>(માસિક ધોરણે)</u>**

| ક્રમ | વિગત | | સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફ્ટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ | ઈનોવા ક્રિસ્ટા |
|---|---|---|---|---|
| ૧ | • ૧૫૦૦ (થી વધુ કિ.મી.ના સંજોગોમાં) કિ.મી./પ્રતિમાસ | AC | | |
| ૨ | • ૨૫૦૦ (થી વધુ કિ.મી.ના સંજોગોમાં) કિ.મી./પ્રતિમાસ | AC | | |

## (૩) ON CALL Requirement

| ક્રમ | વિગત | | સિડાન પ્રકારની કાર જેવીકે મારૂતિ સ્વીફ્ટ ડિઝાયર, હુન્ડાઈ અમેઝ, હુન્ડાઈ એસેન્ટ | ઈનોવા ક્રિસ્ટા |
|---|---|---|---|---|
| ૧ | આખા દિવસનો ચાર્જ (લઘુતમ કી.મી.૩૦૦ લેખે) | AC | | |
| ૨ | દર પ્રતિ કિ.મી. (લઘુતમ કી.મી.થી વધુ માટે) | AC | | |

<u>વાહન સુવિધા (ડ્રાઇવરની સેવા સાથે) એજન્સીએ નીચે દર્શાવેલ શરતોને આધીન પુરી પાડવાની રહેશે.</u>

(૧) આ કરાર શરૂ થયાના પ્રથમ બે વર્ષ માટે માન્ય રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે.

(૨) ડ્રાઈવરની , વાહન ચલાવવાની જરૂરી સર્વ લાયકાતો ધરાવતો હોય તે એજન્સીએ જોવાનું રહેશે. ખાસ તો જરૂરી લાયસન્સ ધરાવતો હોય, કલર બ્લાઈન્ડ ન હોય, પંચાવન વર્ષથી વધુ વયનો ન હોવો જોઈએ. જે અંગેના પુરાવાઓ આ કચેરીના સંબંધિત અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે.

(૩) ડ્રાઈવરે વાહન સાફ–સફાઈ કરી ચોખ્ખું રાખવાનું રહેશે અને દરેક સમયે મુસાફરી માટે તૈયાર રાખવાનું રહેશે.

(૪) ડ્રાઈવરે વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે તેમજ વાહનને કોઈ નુકશાન ન થાય તે રીતે વાહન હંકારવાનું રહેશે.

(૫) ડ્રાઈવરનો ગ્રૃપ/ પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વિમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૬) દરેક ડ્રાઈવરનો ઈતિહાસ (ચાલ ચલગત) અંગત વિગતો, વ્યકિતગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપૂર્ણ પણે ખરાઈ કર્યા બાદ જ એજન્સીએ વાહન હંકારનાર પુરા પાડવાના રહેશે. સદરહુ બાબતે જરૂર પડે ચકાસણી બાદ યોગ્ય જણાય તે વ્યકિતને ડ્રાઈવર તરીકે કચેરીએ હાજર કરશે.

(૭) ડ્રાઈવર પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સક્ષમ સત્તા/ કચેરી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી. કરાર અન્વયે વાહન સુવિધા ( ડ્રાઈવરની સેવા સાથે) અને ડ્રાઈવરની સેવા પુરી પાડવા મુકેલા ડ્રાઈવરને સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચુકવવાની જવાબદારી સંપૂર્ણપણે એજન્સીની રહેશે.

(૮) કચેરીને ફાળવવામાં આવેલ વાહનના ડ્રાઈવર વ્યસ્થિત ડ્રેસીંગ બુટ સાથે હોવો જોઈએ.

(૯) કચેરીને ફાળવેલ વાહન કચેરીની સંમતિ વગર બદલી શકાશે નહી.

(૧૦) વાહન સાથે ફાળવેલ ડ્રાઈવર પણ કચેરીની સંમતિ વગર બદલી શકાશે નહી

(૧૧) એજન્સીએ લેબર કોન્ટ્રાકટ અને પી.એફ.અને ઇ.એસ.આઇ.સી.ના નિયમોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) કચેરી અને ડ્રાઈવર વચ્ચે નોકરી અને તેની આનુસંગિક કોઈપણ બાબત જેવી કે માલીક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહી. ડ્રાઈવર ધ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં કચેરીને કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહી.

(૧૩) એજન્સીના વાહન હંકારનાર દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કચેરીની મિલ્કત કે કોઈપણ સાધન સામગ્રીને કે સેવાને સરકારી રેકર્ડ કે અધિકારી / કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ નુકસાન કે સરકારને ભોગવવાનું થતું તમામ નુકસાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૧૪) કચેરીના જવાબદાર અધિકારીને જો ડ્રાઈવરની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચૂકવણી દરના બે ટકાની કપાત પ્રથમ તબકકે કરાવવાની રહેશે તે માટે એજન્સીને જાણ કરાશે. જો સેવા ખામી વિશેષ દેખાય તો બે ટકા લેખે કપાત વધારતા જવાની રહેશે.

(૧૫) એજન્સી દ્વારા સબમીટ કરાયેલો ટેન્ડર સાથેનો રૂ.૨૫,૦૦૦/-નો EMD સીકયોરીટી ડિપોઝીટ તરીકે રાખી મુકવામાં આવશે. અને જો એકગ્રીમેન્ટના કોઇપણ કલેઇમ પ્રમાણે એનકેશ કરવામાં આવેતો જો એજન્સી કરાર કન્ટેન્યુ કરવા માગતી હોયતો તે ૧૫ દિવસની અંદર ફરી સબમીટ કરવાની રહેશે, આ એગ્રીમેન્ટના વેલીડીટી પીરીયડ દરમ્યાન વેલીડ છે તેનું બેંક દ્વારા કન્ફોર્મેશન દર ૬ મહિને સબમીટ કરવું.

(૧૬) વાહન સુવિધા પુરી પાડનર એજન્સીએ ON CALL– માગણી મુજબ, સમયસર વાહન પુરાં પાડવાના રહેશે.

(૧૭) જરૂરીયાત મુજબ પુરા માસ માટે વાહન સુવિધા ( ડ્રાઈવરની સેવા સાથે) પુરા પાડવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૧૮) આઉટસોર્સથી વાહન સેવા આપતી એજન્સીએ માગણી અને તેની સામે પુરા પડાયેલ વાહનનો નંબર, ડ્રાયવરનું નામ અને ફેરવવામાં આવેલ કિલોમીટર અને તેનો હેતુ અચૂક નોંધીને નિયમોનુસાર લોગબુક નિભાવવાની રહેશે.

(૧૯) આઉટસોર્સથી વાહન સેવા મેળવવામાં કચેરીની જરૂરીયાત અનુસાર વાહનો પુરા પાડવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૦) કચેરીની જરુરીયાત મુજબ પેટ્રોલ કે ડિઝલ વાહન આપવાનું રહેશે. તેવાં વાહનની જાળવણી, બળતણ, મરામત, હંકારનારના ચાર્જની સઘળી બાબતોની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૧) એજન્સીએ શકય હોય ત્યાં સુધી નવા વાહનો અથવા કરારની તારીખથી વધુમાં વધુ બે વર્ષ પહેલાંના સમય સુધીના મોડલના વાહનો પુરા પાડવાના રહેશે, તેનાથી જુના મોડલના વાહનો પુરા પાડી શકાશે નહીં.

(૨૨) કરાર શરૂ કરતાં અગાઉ એજન્સીએ માસિક ધોરણે પુરા પાડવામાં આવનાર વાહનો જે તે કચેરી ખાતે ચકાસણી અર્થે હાજર કરવાના રહેશે. આ ચકાસણી બાદ જે વાહનોની મંજુરી અપાશે, તેમાં બદલાવ કરી શકાશે નહીં.

(૨૩) એજન્સીએ તેની માલિકીના વાહન ઉપરાંત અન્યની માલિકીના વાહનો પુરા પાડવામાં આવે તો મુળ માલિક ધ્વારા વાહન ચલાવવા માટે પાવર ઓફ એટર્ની આપતો પત્ર રજુ કરવાનો રહેશે.

(૨૪) દરેક વાહન સારી સ્થિતિમાં ચાલી શકે તે માટે જરૂરી સમારકામ કરાવવાની તેમજ વાહનમાં જરૂરી એસેસરીઝ નાખવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે. તેમજ વાહન હંમેશાં સારી કન્ડીશનમાં રહે, તેનું ખાસ ધ્યાન એજન્સીએ રાખવાનું રહેશે.

(૨૫) તમામ વાહનોના વેરાઓ જેવા કે, સર્વીસ ટેક્ષ, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ  તેમજ અન્ય તમામ વેરાઓ એજન્સીએ ભરવાના રહેશે. તેમજ દરેક વાહનમાં ફાસ્ટેગની સુવિધા હોવી જરૂરી છે. આ પૈકી ટોલ ટેક્ષની રકમ બીલની સાથે પુરાવા સાથે રજુ થયે મજરે આપવામાં આવશે.

(૨૬) કચેરી ખાતે પુરા પાડવામાં આવેલ તમામ વાહનોનો કોમ્પ્રીહેન્સીવ પેસેન્જર સહિતનો અકસ્માત વીમો હોવો જોઈએ. તેમજ તે અંગે ભરેલ પ્રિમિયમની વિગત પુરાવા સહિત જે તે કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ સદરહું પોલીસી પુરી થાય તે પહેલાં સમય મર્યાદામાં તે રીન્યુ કરાવી લેવાની રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ/ કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૨૭) કરારના સમય દરમ્યાન એજન્સીના વાહનથી અકસ્માત થાય અને કચેરીની માલ મિલકતને નુકશાની થાય તેમજ જાનમાલની નુકશાની થાય તેવા કિસ્સામાં નુકશાનીની રકમ અને અકસ્માત વળતરની રકમ ચૂકવવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. એજન્સી આમ કરવામાં નિષ્ફળ જશે તો ૧૧ મહિનાના અંતે આ રકમ એજન્સીના બીલ અથવા સીકયોરીટી ડીપોઝીટ માંથી વસુલ કરવામાં આવશે.

(૨૮) મુસાફરીમાં રાત્રી રોકાણ દરમ્યાન વાહન ચાલકના રાત્રી રોકાણ માટે એજન્સીએ તેના માટે વ્યવસ્થા રાખવાની રહેશે.

(૨૯) રાત્રી રોકાણ દરમ્યાન ડ્રાઈવર અને વાહનના આનુસાંગિક ખર્ચની જવાબદારી એજન્સીની રહેશે. કચેરી દ્વારા પ્રતિ રાત્રી રોકાણે રૂા.૩૦૦/- ડ્રાઇવર માટે ચૂકવવામાં આવશે.

(૩૦) ફાળવેલ વાહન અને / અથવા ડ્રાઈવરની અનુપલબ્ધિમાં અન્ય વાહન અને / અથવા ડ્રાઈવરની તાત્કાલિક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલિપક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(૩૧) આમ છતાં જો એજન્સી ડ્રાઈવર કે વાહનો પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોંપાયેલુ કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો ખર્ચ મૂળ એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે. આવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમિક ફરજ એજન્સીની બને છે. તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પિક વ્યવસ્થા કચેરીએ કરવાની ફરજ પડેલ હોવાથી તે અંગેની જાણ / મંજુરી મેળવવાની જવાબદારી કચેરીની બનતી નથી.

(૩૨) એજન્સી ધ્વારા પૂરા પડાયેલ વાહનનું "સ્પીડો મીટર" ચાલું હાલતમાં સારી સ્થિતિમાં ખામી વગરનું હોવું જઈએ. જો મીટરમાં ખામી જણાય તો સદરહું સ્પીડો મીટર દિન–ર માં ચાલુ કરાવવાનું રહેશે, જે એજન્સીને બંધનકર્તા રહેશે અને મીટર બંધ હાલતમાં હોય તે સમયગાળા દરમ્યાન કચેરીના અધિકારીશ્રી ધ્વારા પ્રમાણિત કરેલ અંતર એટલે કે કિલોમીટર આખરી ગણાશે.

(૩૩) એજન્સી ધ્વારા પૂરા પડાયેલ વાહનમાં "પ્રાથમિક ઉપચાર બોક્ષ" સુસજજ કંડીશનમાં રાખવાનું રહેશે.

(૩૪) કોઈપણ કારણસર મહિનામાં જેટલા દિવસો એજન્સીનું વાહન ઉપલબ્ધ નહી હોય તેટલા દિવસનું દોઢું ભાડું એજન્સીના બિલમાંથી વસુલ કરવામાં આવશે.

(૩૫) કરારના સમય દરમ્યાન કચેરીને વધારાના વાહનની જરૂરીયાત હશે, તેવા કિસ્સામાં વધારાના વાહન માટે પણ ટેન્ડરમાં જણાવ્યા મુજબની શરતો અને બોલીઓ લાગું પડશે. જો નિયત સમય મર્યાદામાં એજન્સી વાહન પુરા પાડવા અસમર્થ હશે તો કચેરીને અન્યત્રથી વાહન મેળવવાની સત્તા રહેશે.

(૩૬) એજન્સીએ પ્રત્યેક માસના પ્રથમ અઠવાડિયે કચેરીમાં માસિક બિલ રજૂ કરવાનું રહેશે. આ અંગેના બીલની સાથે કિલોમીટરની ચકાસણી અર્થે લોગબુકની નકલ સક્ષમ અધિકારીના સહી સિક્કા કરાવીને રજુ કરવાની રહેશે.

(૩૭) આ કરાર બિન તબદીલીપાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી અને સક્ષમ સત્તા / કચેરીની પૂર્વમંજુરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહી. અથવા આ કરારની અન્ય કોઈ બાબત અન્ય એજન્સીને તબદીલ કરી શકશે નહી.

(૩૮) આ કરારનામુ એજન્સી પસંદ થયા બાદ થયેલ કરારની તારીખથી બે વર્ષ માટે એજ ભાવ અને શરતો મુજબ અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ માટે કરાર એજ ભાવ અને શરતો મુજબ લંબાવી શકાશે.

(૩૯) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરાશે, જે માટે તેને એક માસની લેખિત નોટિસ આપવામાં આવશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહી.

(૪૦) જી.આઈ.ડી.બી.ખાસ સંજોગોમાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

(૪૧) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેણે ૩ માસની નોટિસ આપવી પડશે, ૩ માસની નોટીસ ન આપેતો સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૪૨) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હકક/ દાવો રહેશે નહી. આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માગતા હોય તો ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. ત્યારબાદ કરાર અમલમાં રહેશે નહીં.

(૪૩) આ ટેન્ડર ડોકયુમેન્ટ સીવાયની કોઇ વધારાની શરત ઇજારદાર તેમના ભાવપત્રકમાં દર્શાવશે તે તેવી શરતો કચેરી સ્વીકારશે નહીં

(૪૪) કચેરીને ફાળવેલ વાહન પર કોઇપણ પ્રકારની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહીં

(૪૫) કોઇપણ પ્રકારની કાનુની કાર્યવાહી ગાંધીનગરની કોર્ટની હકુમતને આધિન રહેશે.

(૪૬) આ કરાર બંને પક્ષકારોને કબુલ–મંજૂર અને બંધનકર્તા છે અને તેની સાબિતીરૂપે નીચે જણાવેલ સાક્ષીઓ રૂબરૂ સહીઓ કરી છે.

**સ્થળ :** ગાંધીનગર

૧) ........................................

અધિકારીની સહી, નામ અને હોદ્દો

**તારીખ :** / /૨૦૨૩

૨) ........................................

અધિકૃત પ્રતિનિધિનું નામ, હોદ્દો અને સહી.

**સાક્ષીઓની સહી :**

૧)........................................ ૨)........................................